ધ્વજારોહણની ઉછામણીના મંગલ અવસરે

જામનગરના ચાંદીબજારમાં આવેલા ચોરીવાળા દેરાસરે ધ્વજાવિધિ

જામનગર તા. ૨૫: જામનગરના ઉત્તુંગ જિનાલયના ધ્વજારોહણની ઉછામણીના મંગલ અવસરે ચોરીવાળા દેરાસરમાં ધ્વજાવિધિ સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જેમાં તા. ૨૭ ના રોજ ધ્વજાની શહેર પ્રદક્ષિણા યોજાશે. જેનો પ્રારંભ બપોરે ૩.૩૦ વાગ્યે જામનગરના ચાંદીબજાર સ્થિત ચોરીવાળુ દેરાસરથી થશે. દરબારગઢ, બર્ધનચોક, સેન્ટ્રલ બેંક સહિતના નગરના વિવિધ મુખ્ય માર્ગો પર ફરીને ચોરીવાળા દેરાસરે પરત ફરશે. જેમાં ધ્વજાના લાભાર્થી થાળીમાં ધજા લઈને ચાલીને તેમજ વાહનમાં બેસીને લાભ લઈ શકશે. તા. ૨૯-૧૦-૨૦૨૪ ના સવારે ૯ વાગ્યે ધ્વજાની વિધિ શ્રી ચોરીવાળા દેરાસરના ચોકમાં થશે. અત્રે ઉલ્લેખનિય છે કે, આ ભક્તિસૂરિ સમુદાયના જામનગર રત્ન પ.પૂ. હેમંતવિજયજી મ.સા., પ.પૂ. દેવરક્ષિત મ.સા. આદિઠાણાની મંગલ નિશ્રામાં ધ્વજાની ઉછામણી કરવામાં આવી હતી. વધુ વિગત માટે નવીનભાઈ ઝવેરી મો. ૯૪૨૬૨ ૦૩૮૦૭ અથવા ભૂપેન્દ્રભાઈ પારેખ (મો. ૯૮૨૫૧ ૩૫૪૨૯) નો સંપર્ક કરવો.

॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક ॥

ઈન્વેસ્ટમેન્ટ પ્રોફાઈટર

Stock Market Trading Consultancy

www.nikhilbhatt.in

નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

નિફ્ટી ફ્યુચર ૨૪૩૦૩ પોઈન્ટ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો....

શેરબજારમાં શુક્રવારે કારોબારની શરૂઆત તેજી સાથે થઈ હતી.સેન્સેક્સ ૩૩ પોઈન્ટના ઉછાળા સાથે ૮૦૦૮૨ ના સ્તરે હતો.જ્યારે નિફ્ટી ફ્યુચર ઈન્ડેક્સ ૬૦ પોઈન્ટની ઘટાળા સાથે ૨૪૪૦૪ ના સ્તરે કામકાજ કરી રહ્યો હતો, જ્યારે બેન્ક નિફ્ટી ફ્યુચર ઈન્ડેક્સ ૨૬૯ પોઈન્ટની ઘટાળા સાથે ૫૧૩૩૩ ના સ્તરે કામકાજ કરી રહ્યો હતા. ફંડોની મેટલ-માઈનીંગ શેરોમાં લેવાલી રહી હતી.ફાઈનાન્શિયલ સર્વિસિઝ અને અન્ય એફએમસીજી શેરોમાં પણ ફંડોની આજે સિલેક્ટિવ મોટી ખરીદી રહી હતી. બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં આજે ઘટાડે ફંડોનું વેલ્યુબાઈંગ થયું હતું. હેલ્થકેર-ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓના શેરોમાં આજે ઘટતા બજારે ફંડોની પસંદગીની શેરોમાં તેજી રહી હતી. પસંદગીના મિડ કેપ, એ ગ્રુપના શેરોમાં આકર્ષણ રહ્યું હતું.

ઈઝરાયેલ-હિઝબુલ્લા વચ્ચે યુદ્ધ વકરતાં અને ઈરાન પર ગમે તે ઘડીએ ઈઝરાયેલ વળતો પ્રહાર કરે એવા અહેવાલોએ જીઓપોલિટીકલ ટેન્શન વધતાં ક્રુડ ઓઈલના ભાવ ઉછળતાં અને બીજી તરફ ચાઈના, રશીયા, ભારત સહિતના બ્રિક્સ દેશોની મીટિંગ બાદ પશ્ચિમી દેશો અને એશીયાના દેશો વચ્ચે ઘર્ષણની શકયતાએ વૈશ્વિક બજારોમાં નરમાઈ સાથે ભારતીય શેર બજારોમાં પણ સાવચેતી રહી હતી.

આજના કારોબારમાં ટોપ ગેનર્સમાં ટાઈટન કંપની,ડીવીસ લેબ,ગ્લેનમાર્ક ફાર્મા,હવેલ્સ, રિલાયન્સ,ઈન્ડીગો,જેકે સિમેન્ટ્સ,ઓર્બિન્દો ફાર્મા,લાર્સેન,ટોરેન્ટ ફાર્મા,વોલ્ટાસ,એચસીએલ ટેકનોલોજી, લ્યુપીન જેવા શેરો વધારો થયો છે.આજના ટોપ લુઝર્સની યાદીમાં ટોરેન્ટ ફાર્મા,કોલ્પાલ,મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મહાનગર ગેસ, કોટક બેન્ક, ઓબેરોઈ રીયાલીટી, ભારત કોર્જ, ડીએલએફ, હિન્દુસ્તાન યુનીલીવર, ટાટા કેમિકલ્સ જેવા શેરો ઘટાડો થયો છે.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો ગઈકાલે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૦૬%ના ઘટાળા સાથે બંધ રહ્યો હતો.જ્યારે એસ એન્ડ પી ૫૦૦ ૦.૨૧% વધીને અને નેસ્ડેક ૦.૭૬% વધીને સેટલ થયા હતા.

બીએસઈમાં શુક્રવારે કુલ ટ્રેડીંગ થયેલી ૨૮૩૧ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૬૯૩ અને વધનારની સંખ્યા ૧૦૨૩ રહી હતી,૧૧૫ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો.જ્યારે ૬૭ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૭૭ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બજારની ભાવિ દિશા.... મિત્રો, વિશ્વમાં ભારત સૌથી મોટું વિકસતુ અર્થતંત્ર જાળવી રહ્યું છે એમ ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડ (આઈએમએફ) જણાવ્યું હતું અને ભારતના બૃહદ્ આર્થિક ફન્ડામેન્ટલ્સ મજબુત હોવાનું નિરીક્ષણ કર્યું હતું. વિશ્વમાં ભારત સૌથી મોટું વિકસતુ અર્થતંત્ર જણાય છે. સાનુકૂળ લણણીને કારણે ગ્રામ્ય માગમાં રિકવરીના ટેકા સાથે નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતનો આર્થિક વિકાસ દર સાત ટકા રહેવા અમારો અંદાજ છે. ખાધખોરાકીના ભાવમાં સામાન્યતા સાથે વર્તમાન નાણાં વર્ષમાં ફુગાવો ઘટી ૪.૪૦ ટકા રહેવા અપેક્ષા હોવાનું આઈએમએફ એશિયા પેસિફિક જણાવ્યું હતું. ચૂંટણીઓ છતાં, રાજકોષિય શિસ્તતા તેના પંથે છે. રિઝર્વનું સ્તર સારુ છે. ભા રત માટે મેક્રો ફન્ડામેન્ટલ્સ સારા છે, એમ પણ તેમણે જણાવ્યું હતું. ચૂંટણી બાદ ભારતમાં સુધારા અગ્રતાઓ ત્રણ ક્ષેત્રોમાં હોવી જરૂરી છે. ભારતમાં રોજગાર નિર્માણ એક મુદ્દો રહેલો છે. આ સંદર્ભમાં મને લાગે છે કે, શ્રમ કાયદાનો અમલ થવો જરૂરી છે, કારણ કે તેનાથી લેબર માર્કેટમાં લવચિકતા જોવા મળશે એમ તેમણે જણાવ્યું હતું.

ભારતમાં રોકાણનું આકર્ષણ હજુ અકબંધ છે, પરંતુ આર્થિક વૃદ્ધિ અને કોર્પોરેટ નફો ઘટી રહ્યો છે. તેથી રેટિંગ ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મોંઘા વેલ્યુએશનના કારણે આગામી દિવસોમાં શેરબજારમાં હજુ થોડા દિવસો સુધી ઘટાડો જોવા મળી શકે છે. પરંતુ જબરદસ્ત સ્થાનિક રોકાણને કારણે બજારમાં મોટા ઘટાડાની કોઈ શક્યતા જોવા મળી નથી.વિશ્વની જાણીતી બ્રોકરેજ ફર્મ ગોલ્ડમેન સાસે ભારતનું રેટિંગ ઘટાડી શેરબજારના રોકાણકારો માટે ટેન્શન વધાર્યું છે. ગોલ્ડમેન સાસે ભારતીય મુડી બજાર અંગે નવી રિસર્ચ નોટ બહાર પાડી ભારતનું રેટિંગ ઓવરવેઈટથી ઘટાડી ન્યુટ્રલ કર્યું છે.

એમસીએક્સ ગોલ્ડ : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે ઓક્ટોબર ગોલ્ડ રૂ. ૭૮૦૪૮ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૭૮૦૮૦ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ. ૭૮૦૪૮ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૨૬૪ પોઈન્ટના ઉછાળા સાથે રૂ.૭૮૦૬૩ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે ડીસેમ્બર સિલ્વર રૂ. ૯૬૭૦૧ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૯૬૭૬૯ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ. ૯૬૫૪૩ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૫૨૪ પોઈન્ટના ઉછાળા સાથે ૯૬૫૦૨ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી ટ્રેડીંગ સંદર્ભે સ્ટોક સ્પેશીફીક અંદાજીત રૂખ

કોટક મહિન્દ્રા બેન્ક (૧૭૭૭) : કોટક મહિન્દ્રા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૬૬ આસપાસ ટ્રેડીંગ થતો આ સ્ટોક રૂ.૧૭૫૩ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૯૦ થી રૂ.૧૮૦૮ સુધી તેજી તરફી ધ્યાન...!!!

એસબીઆઈ લાઈફ (૧૬૪૪) : ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૬૩૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૬૨૧ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૬૬૦ થી રૂ.૧૬૭૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

ગ્લેનમાર્ક ફાર્મા (૧૬૬૫) : ૧૬૮૦ નો પ્રથમ તેમજ રૂ.૧૬૭૧ ના ફાર્માસ્યુટિકલ સેક્ટર રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૭૦૭ થી રૂ.૧૭૧૭ સુધીની તેજી તરફી રુખ નોંધાવશે...!!!

એક્સીસ બેન્ક (૧૧૬૩) : પ્રાઈવેટ બેન્ક સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૨૦૭ થી રૂ.૧૨૨૨ ના ભાવની સંભાવના ધરાવે છે !! અંદાજીત રૂ.૧૧૮૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો.!!!

એસુ બેન્ક (૬૧૧) : રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૦૧ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક પ્રાઈવેટ બેન્ક ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૨૦ થી રૂ.૬૩૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!

લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના પ્રોપરાઈટર છે.

ખાસ નોંધ: ડિસ્કલેમર/પોલિસી/શરતો www.nikhilbhatt.in ને આધીન

આર્ટીફિશયલ ઈનટેલિજન્સ વિષય આધારિત

જામનગરમાં જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમિનાર: ૩૭ શાળાઓના સ્પર્ધકો જોડાયા

જામનગર તા. ૨૫: ગુજકોસ્ટ ગાંધીનગર પ્રેરિત શ્રી એમ.ડી. મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધોલ, ડીઈઓ, કચેરી, ડીપીઈઓ કચેરી જામનગરના સંયુક્ત ઉપક્રમે આ વર્ષના મુખ્ય વિષય આર્ટિફીશયલ ઈનટેલિજન્સ વિષય પર જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત મંચસ્થ મહેમાનોના હસ્તે દીપપ્રાગટ્યથી કરાઈ હતી. કાર્યક્રમમાં ૩૭ જેટલી શાળાના ૪૦ સ્પર્ધકો સામેલ થયા હતાં. બાળકોએ મુખ્ય વિષય આધારિત ચાર્ટસ અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આર્ટિફીશયલ ઈન્ટેલિજન્સ પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતાં. ત્યારબાદ તમામ બાળકોના વિષય અનુરૂપ જ્ઞાનની ચકાસણી માટે ૨૦ પ્રશ્નોની લેખિત પરિક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ પ્રેઝન્ટેશનને અંતે નિર્ણાયકો દ્વારા બાળકોને મૌખિક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતાં. જેના બાળકોએ સંતોષકારક જવાબો આપ્યા હતાં.

સ્પર્ધાના અંતે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બાળકોની રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ ક્રમાંક પર લાવીક ત્રિપાઠી, કે.ડી. અંબાણી, શાળા, મોટી ખાવડી, દ્વિતીય ક્રમાંક પર હેમ્યા શુક્લા, સત્યસાઈ શાળા, જામનગર અને તૃતીય ક્રમાંક પર ત્રિષા કટારીયા, શ્રી સેન્ટ ફ્રાન્સીસ શાળા, જામનગરની પસંદગી કરવામાં આવી હતી. વિજેતા બાળકોને શિલ્ડ અર્પણ કરીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ કાર્યક્રમમાં ભાગ લીધેલ તમામ બાળકોને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતાં.

કાર્યક્રમમાં નિર્ણાયક અને સંચાલક તરીકે સંસ્થાના સેક્રેટરી સુધાબેન ખંઢેરીયા, બીએચ ગાર્ડી એન્જિનિયરિંગ કોલેજ, કાલાવડના પ્રાધ્યાપક રીયાબેન કાકુ, કલ્યાણ પોલિટેકનિક કોલેજ, જામનગરના પ્રમિત ગોહેલ, સંસ્થાના ચેરમેન ધર્મેશભાઈ મહેતા અને કર્મચારી સંજય પંડ્યાએ ફરજ બજાવી હતી.

વણથંભી વિકાસયાત્રાની ઉજવણી હેઠળ

જિલ્લા માહિતી કચેરીના કર્મચારીઓએ લીધી 'ભારત વિકાસયાત્રા' પ્રતિજ્ઞા

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજ્યની વણથંભી વિકાસયાત્રા શરૂ કરી હતી. જેના સંદર્ભે રાજ્યમાં ઓક્ટોબર ૨૦૨૪ ની તા. ૦૭ થી તા. ૧૫ દરમિયાન ચાલી રહેલી વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે જામનગર જિલ્લા માહિતી કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લઈને વિકસિત ભારત બનાવવામાં પોતાનું યોગદાન આપવા નિશ્ચય કર્યો હતો. વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ભારત વિકાસ પ્રતિજ્ઞા ઓનલાઈન લઈ શકાય તે હેતુથી પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. નાગરિકો પ્રતિજ્ઞા લઈને પોર્ટલ પરથી સર્ટિફીકેટ મેળવી શકશે.

શ્રી વ્રજવલ્લભ સોશ્યલ ગ્રુપ, શ્રી મોટી હવેલી દ્વારા

જામનગરમાં વૈષ્ણવ પરિવારના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન: ઈનામ-સર્ટિ. અપાયા

જામનગર તા. ૨૫: શ્રી વ્રજવલ્લભ સોશ્યલ ગ્રુપ, શ્રી મોટી હવેલી, જામનગર દ્વારા વૈષ્ણવ પરિવારના તેજસ્વી વિદ્યાર્થીનો ૩૦ મો સન્માન સમારંભ શ્રી મોટી હવેલી જામનગરમાં પૂ.પા.ગો.શ્રી હરિરાયજી મહારાજની આજ્ઞાથી પૂ.પા.ગો.શ્રી વલ્લભ રાયજી મહોદયશ્રીની અધ્યક્ષતામાં એવમ પૂ.પા.ગો. શ્રી રસાદરાઈજી, અને પૂ. પા.ગો.શ્રી પ્રેમાદરરાઈજીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

આ સન્માન સમારોહમાં ૭૨ વિદ્યાર્થીઓનું ઈનામ તથા ઈ-સર્ટિફીકેટથી આશીર્વાદ સાથે સન્માન કરવામાં આવ્યું હતું. સ્વાગત કુરજીભાઈ મુંગરા દ્વારા તથા નલીનભાઈ રાજાણી અને કિરીટભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. દાતા પરિવારના સહયોગથી ઈનામ, આશ્વાસન ઈનામ, તથા પ્રભુની પ્રસાદીરૂપ દૂધ તથા પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પુષ્ટિમાર્ગીય પ્રશ્નો સાથેની પ્રશ્નોતરી વિશાલ પોપટ દ્વારા કરવામાં આવી હતી, તેમજ આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ પ્રદેશની વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૭ ની નૂતન કારોબારી સમિતિમાં શ્રી મોટી હવેલી જામનગરના સનિષ્ઠ કાર્યકર કમલેશભાઈ હેડાવને પરિષદના સંગઠન મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવતા પૂ.પા.ગો. શ્રી વલ્લભરાયજી મહોદયશ્રી દ્વારા આશીર્વાદ પ્રદાન કરવામાં આવ્યા હતાં.

કાર્યક્રમને સફળ બનાવવામાં આનંદ પટેલ, અમર ગોંદિયા, મૌલિક ગોંદિયા, ધ્રુપલ લુક્કા, હરિભાઈ ઘડિયા, હાર્દિક બુદ્ધ, રાજુભાઈ માંડવીયા, પરાગ સોની, જયેશ આહિર, દેવેન ખંભાયતા, રાજુભાઈ રાજા, ગીરધરભાઈ ડાભી વિગેરે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ નલીનભાઈ રાજાણીએ કરી

એ.કે. દોશી વિદ્યાલયમાં યોજાયો

સાઈબર સિક્યુરીટી જાગૃતિ સેમિનાર

જામનગરના ભવન્સ એ.કે. દોશી વિદ્યાલયમાં સાઈબર સિક્યુરીટી જાગૃતિ સેમિનાર ધો. ૧૦ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે યોજાયો હતો. જેમાં સાઈબર ક્રાઈમ વિભાગના કોન્સ્ટે. રાજેશભાઈ, શ્રદ્ધાબેન વિસ્તૃત જાણકારી આપી હતી. સેમિનારમાં શાળાના પ્રિન્સીપાલ ડાયરેક્ટર ભારતીબેન વાઢેર, પ્રાથમિક વિભાગ પ્રિન્સીપાલ મીરલબેન મહેતા તથા શિક્ષકો હાજર રહ્યા હતાં. પ્રિન્સીપાલ ડાયરેક્ટર ભારતીબેન વાઢેરે વિશેષ કિસ્સાઓ જણાવ્યા હતાં. આ સેમિનારમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સેમિનારના સફળ આયોજન અંગે સંસ્થાના સેક્રેટરી જયોતિન્દ્રભાઈ વછરાજાની તથા સંસ્થાના ટ્રેઝરર રજનીકાંતભાઈ માગડાએ શાળાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી.

જામનગરના બ્રહ્મસમાજનું ગૌરવ:

માઉન્ટ આબુમાં એડવેન્ચર કોર્સ સંપન્ન કરતા દિપાલીબેન પંડ્યા

જામનગર તા. ૨૫: સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટિટ્યુટ ઓફ માઉન્ટેનીયરીંગના સ્પેશિયલ એડવેન્ચર કોર્સ (બેચ નં. ૩૫૧)નું આયોજન માઉન્ટ આબુમાં કરવામાં આવ્યું હતું. આ કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરીને એડવોકેટ દિપાલી પંડ્યાએ ૧૦૦ થી વધુ મેરેથોન પૂર્ણ કરનાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જેમને દોડવીર દાદાનું ઉપનામ આપેલું છે તેવા પ્રેમશંકર પંડ્યા તથા આચાર્ય રાજલબેન પટેલના હસ્તે સન્માન પ્રાપ્ત કરીને બ્રહ્મસમાજ તથા જામનગરનું ગૌરવ વધાર્યું છે.

અર્ક પર્વતો એ કંઈ નથી બસ, પથ્થરોની એકતા છે.

શબ્દવ્યૂહ ૬૦૯૮

આડી ચાવી

૧. લાંબા વખતનું -------(૫
૪. એક પ્રકારની બીડી ---(૩
૬. આજ પછીનો દિવસ ---(૩
૭. ધ્યાન, લક્ષ---------(૨
૮. મનની વૃત્તિ કે ભાવ ---(૩
૯. લાલચ, છટકું -------(૪
૧૨. ચિત્રોનો સંગ્રહ-આલ્બમ (૫
૧૪. રોગનો ઉપચાર -------(૩
૧૫. ધાક, બીક ---------(૨
૧૬. માયાળું, પ્રેમાળ -------(૩
૧૮. બાર માસનો સમય-----(૨
૧૯. કપડું ----------(૨
૨૦. કાપાકાપી ----------(૩

ઊભી ચાવી

૧. ચિત્ર દોરવાની કલા ---(૪
૨. પિતાના ભાઈ---------(૨
૩. લીલા રંગનું રત્ન------(૩
૪. મનની વ્યગ્રતા-------(૪
૫. ઠોકર, અથડામણ -----(૩
૧૦. લાલચ, લાલસા -------(૨
૧૧. મજદૂર----------(૩
૧૨. લાંબી આવરદાવાળું ---(૪
૧૩. સામિયાણો, માંડવો----(૩
૧૪. તબીબ, વૈદ્ય ---------(૪
૧૭. આદત, ટેવ---------(૨

આડી ચાવી (૧) છો (૩) ત (૫) બજરંગ (૬) અતિથિ (૭) વહુ (૯) છી (૧૦) રજા (૧૨) પીઠું (૧૪) મજૂર (૧૫) કૂદડી (૧૬) કાન (૧૭) કતલ (૧૯) કાં (૨૧) કફ (૨૨) જી (૨૩) પ્રાચી

ઊભી ચાવી (૨) આરંભ (૪) પ્રતિમા (૫) બહુ (૮) ધજા (૧૧) સૂરજ (૧૨) પીડાકારક (૧૩) વેદના (૧૪) મહેતલ (૧૮) ફૂંક (૨૦) બચી

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ બહુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૮૯ ૯૦૮૮

મેષ (૧-૩-૯) — આપની મહેનત-બુદ્ધિ-આવડતના આધારે કામનો ઉકેલ લાવી શકો. સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય. શુભ રંગ: લાલ | શુભ અંક: ૨-૫

વૃષભ (૪-૬-૬) — આપના કાર્યની સાથે બીજું કામ આવી જતા અન્ય સહકર્મીનું કામ આવી જતા આપના કાર્યભાર-દોડધામ વધે. શુભ રંગ: બ્લુ | શુભ અંક: ૪-૯

મિથુન (૭-૮-૪) — ઈચ્છિત વ્યક્તિ સાથે મિલન-મુલાકાતનું આયોજન થતા આનંદ રહે. અગત્યના કામનો ઉકેલ આવવાથી રાહત રહે. શુભ રંગ: લીલો | શુભ અંક: ૩-૮

કર્ક (૫-૭-૬) — આપના કાર્યમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલી આવ્યા કરે. સામાજિક-વ્યવહારિક કામમાં સાવધાની રાખવી. શુભ રંગ: ગુલાબી | શુભ અંક: ૧-૨

સિંહ (૮-૬) — નોકરી-ધંધાના કામ અંગે બહારગામ જવાનું બને. નોકર-ચાકરવર્ગની મુશ્કેલીનો સામનો કરવો પડે. શુભ રંગ: સફેદ | શુભ અંક: ૨-૬

કન્યા (૯-૫-૭) — દિવસના પ્રારંભથી જ આપે કોઈને કોઈ કામ અંગે વ્યસ્ત રહેવાનું બને. આપના દોડધામ-વ્યસ્તતામાં વધારો થાય. શુભ રંગ: વાદળી | શુભ અંક: ૩-૭

તુલા (૨-૭) — આપના કામની કદર-પ્રસંશા થવાથી આનંદ રહે. સંતાનના પ્રશ્ને ચિંતા હળવી થાય. પરદેશના કામમાં પ્રગતિ જણાય. શુભ રંગ: મરૂન | શુભ અંક: ૫-૮

વૃશ્ચિક (૩-૨) — કોર્ટ-કચેરીના કામમાં સાવધાની રાખવી. નાણાકીય જવાબદારીવાળા કામમાં કોઈના ભરોસે રહેવું નહીં. શુભ રંગ: પિસ્તા | શુભ અંક: ૬-૯

ધન (૧-૬-૩) — આપના મહત્ત્વના કામનો ઉકેલ આવવાથી રાહત જણાય. અગત્યના નિર્ણય લેવાના હોય તો લઈ શકાય. શુભ રંગ: મેંદી | શુભ અંક: ૩-૮

મકર (૪-૭-૩) — નોકરી-ધંધાના કામની સાથે કૌટુંબિક, સામાજિક-વ્યવહારિક કામ અંગે વ્યસ્તતા-દોડધામ જણાય. શુભ રંગ: બ્લુ | શુભ અંક: ૫-૨

કુંભ (૨-૪-૩) — આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવી કાર્યસ્થના થવાથી આપને આનંદ રહે. ભાઈ-ભાંડુ મદદરૂપ થાય. શુભ રંગ: જાંબલી | શુભ અંક: ૧-૩

મીન (૬-૩-૯) — આપ ફરો-ફરો-કામ કરો, પરંતુ હૃદય-મનને રાહત જણાય નહીં. જમીન-મકાનના કામમાં સંભાળવું. શુભ રંગ: પીળો | શુભ અંક: ૨-૬

આવતીકાલનું પંચાગ

સુર્યોદય : ૬-૪૬ સુર્યાસ્ત : ૬-૧૩

દિવસના ચોઘડીયા
(૧) કાળ (૨) શુભ (૩) રોગ (૪) ઉદ્વેગ (૫) ચલ (૬) લાભ (૭) અમૃત (૮) કાળ

રાત્રિના ચોઘડીયા
(૧) લાભ (૨) ઉદ્વેગ (૩) શુભ (૪) અમૃત (૫) ચલ (૬) રોગ (૭) કાળ (૮) લાભ

વિક્રમ સંવત: ૨૦૮૦, માસો વદ-૧૦ : તા. ૨૬-૧૦-૨૦૨૪, શનિવાર, જૈન સંવત: ૨૫૫૦, શાલિવાહન: ૧૯૪૬, ચુગાબ્દ : ૫૧૨૬, પારસી રોજ : ૧૩, મુસ્લિમ રોજ: ૨૨, નક્ષત્ર : અશ્વીની, યોગ : શુભ, કરણ: વણિજ

જન્મેલાનું વર્ષફળ

તા. ૨૬ - ઓક્ટોબરના દિવસે

આ સમયમાં વ્યવસાયિક બાબતે સાનુકૂળતા રહેવા પામે. આપના કામનો ઉકેલ આવતો જાય. પરંતુ વર્ષના અંતમાં આપને કામકાજમાં રૂકાવટ-મુશ્કેલીનો સામનો કરવો પડે. આરોગ્ય સુખાકારી સારી રહે. માનસિક સ્થિતિ સ્વસ્થ રહે. વિદ્યાર્થી વર્ગ મહેનતના પ્રમાણમાં પરિણામ પ્રાપ્ત કરી શકશે. સામાજીક અને જાહેર જીવન ક્ષેત્રે આપની લોકપ્રિયતામાં વધારો થાય.

બાળકની રાશિ: કર્ક ૦૬.૪૬ સુધી પછી સિંહ

લાલપુર માર્કેટ યાર્ડ

મગફળી	૮૦૦	૯૨૬
કપાસ	૧૩૦૦	૧૫૫૦
ઘઉં	૫૪૦	૫૪૩
અળદ	૧૨૮૧	૧૫૨૧
સોયાબીન	૫૦૦	૯૦૦

માર્કેટ યાર્ડ હાપા

જુવાર	૫૦૦	૬૯૫
બાજરો	૪૩૦	૫૨૫
ઘઉં	૫૦૦	૬૪૧
મગ	૧૨૦૦	૧૬૩૫
અળદ	૧૨૦૦	૧૬૯૦
ચણા	૧૨૦૦	૧૩૭૫
મગફળી જીણી	૧૦૦૦	૧૯૧૦
મગફળી જાડી	૮૫૦	૧૦૭૫
એરંડા	૧૦૨૦	૧૨૬૦
તલસફેદ	૨૧૦૦	૨૪૦૦
રાયડો	૯૬૫	૧૧૦૫
રાય	૧૦૦૦	૧૨૫૫
લસણ	૩૫૦૦	૫૦૬૦
કપાસ	૯૬૦	૧૬૮૦
જીરૂ	૨૯૦૦	૪૫૮૫
અજમા	૨૧૪૦	૩૨૫૦
અજમાભૂસી	૨૦૦	૧૮૬૦
ધાણા	૧૨૫૦	૧૩૬૦
ડુંગળી	૨૦૦	૯૫૦
સોયાબીન	૭૦૦	૮૯૫
રાજમા	૩૦૦	૭૦૦